પાલની પ્રીલિમનરી ટીપી 74ને સરકારની મંજૂરીથી વિકાસના માર્ગો ખૂલ્યા

# હવે હજીરા રોડ ઈચ્છાપોર સુધી પહોળો કરી શકાશે

**ટીપી** સ્કીમમાં 1.37 લાખ ચો.મી. ના રસ્તાઓનો વિકાસ થશે

સુરત : સુરત મહાનગરપાલિકામાં સમાવિષ્ટ ડ્રાફ્ટ ટીપી સ્કીમોને અંતિમ સ્વરૂપ આપવાની કાર્યવાહી અંતર્ગત ટીપી સ્કીમ નં. 74 (પાલ) ને રાજ્ય સરકાર દ્વારા પ્રારંભિક યોજના તરીકે મંજૂરી આપવામાં આવી છે. તાપી નદીના કિનારે આવેલી આ ટીપી સ્કીમના મંજૂર થવાથી પાલ વિસ્તારમાં આયોજનબદ્ધ વિકાસ માટેનો માર્ગ ખુલ્યો છે.

ટીપી સ્કીમ નં. 74ને લાગુ પડતા વિસ્તારમાં 60 મીટર પહોળાઈના સુરત-હજીરા મુખ્ય માર્ગ ઉપરાંત 60, 30 અને 18 મીટર પહોળાઈના રસ્તાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ રસ્તાઓ માટે અંદાજે




1,37,881 ચોરસ મીટર જેટલું કુલ ક્ષેત્રફળ ઉપલબ્ધ થશે, જેના કારણે વિસ્તારમાં રોડ નેટવર્કનું ઝડપી અમલીકરણ શક્ય બનશે ટીપી સ્કીમના અમલથી યોગ્ય રોડ નેટવર્ક ઊભું કરી પાણી, ગટર, સ્ટ્રીટલાઈટ અને સ્ટોર્મ ડ્રેઈન જેવી પ્રાથમિક સુવિધાઓ પહોંચાડવામાં સરળતા રહેશે. ઉપરાંત બગીચા, પાર્કિંગ, સામાજિક માળખાકીય સુવિધાઓ તથા આર્થિક રીતે નબળા વર્ગ માટેના SEWS હેતુના પ્લોટોનું પણ આયોજન થશે. આ મંજૂરીથી પાલ વિસ્તારમાં અનિયોજિત વિકાસને બદલે આયોજનબદ્ધ રોડ નેટવર્ક અને જાહેર સુવિધાઓ સાથેનો વિકાસ આગળ ધપાવવાનો માર્ગ મોકળો થયો છે..

### તાપી કિનારાના મહત્વના પ્રોજેક્ટને વેગ મળશે

પાલની આ ટીપી સ્કીમ તાપી નદીના કિનારે હોવાથી તેના ઝડપી વિકાસથી સૂચિત બેરાજ, તાપી રિવરફ્રન્ટ અને પાળા જેવા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટોના વિકાસ અને અમલીકરણને પણ વેગ મળવાની શક્યતા છે.

### 68,624 ચો.મી.ના 14 અનામત પ્લોટ મનપાને મળશે

પ્રારંભિક યોજનાની મંજૂરી બાદ અંદાજે 68,624 ચોરસ મીટર વિસ્તારમાં 14 અલગ-અલગ જાહેર હેતુના અનામત અંતિમખંડો સુરત મહાનગરપાલિકાને પ્રાપ્ત થશે. આ અનામત જમીનનો ઉપયોગ જાહેર સુવિધાઓ અને સામાજિક માળખાકીય વિકાસ માટે કરી શકાશે.

# એવિએશન પોલિસી લાવવા તૈયારી સુરત એરપોર્ટને લાભની સંભાવના

**વાયબ્રન્ટ** જાન્યુઆરી-2027 પહેલા પોલિસી માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને બેઠક

**ગુજરાતના** એરપોર્ટ-એરસ્ટ્રીપના વિકાસ માટે ખાનગી મૂડીરોકાણ આકર્ષિત કરાશે

**સુરત** એરપોર્ટ પર એગ્રો પ્રોડક્ટ કાર્ગો સુવિધા અંગે પણ વિચારણા



સુરતઃ ગુજરાતમાં સિવિલ એવિએશન ક્ષેત્રના વિસ્તરણ અને રાજ્ય સરકાર હસ્તકના એરપોર્ટ તથા એરસ્ટ્રીપનો મહત્તમ ઉપયોગ થાય તે માટે રાજ્ય સરકાર હવે નવી દિશામાં આગળ વધી રહી છે. રાજ્યના સિવિલ એવિએશન વિભાગનો હવાલો સંભાળતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને ગુરુવારે ગાંધીનગરમાં મહત્ત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સરકારી એરપોર્ટ અને એરસ્ટ્રીપને વધુ ઉપયોગી બનાવવા તેમજ આ ક્ષેત્રમાં ખાનગી મૂડીરોકાણ આકર્ષવા માટે PPP (પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ) મોડલ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ, બેઠકમાં સુરત એરપોર્ટને માત્ર પેસેન્જર હબ તરીકે નહીં, પરંતુ એર કાર્ગો હબ તરીકે વિકસાવવાની દિશામાં આ ચર્ચા મહત્ત્વપૂર્ણ ગણાઈ રહી છે. સુરત એરપોર્ટને પણ આ સંભવિત રોકાણ દરખાસ્તોની યાદીમાં સ્થાન મળવાની શક્યતા છે. બેઠકનું સૌથી મહત્ત્વનું પાસું એ રહ્યું કે, ગુજરાત સરકાર હવે રાજ્ય માટે પ્રથમવાર સિવિલ એવિએશન પોલિસી જાહેર કરવાની તૈયારીમાં છે. આ પોલિસી મારફતે એરપોર્ટ અને એરસ્ટ્રીપના વિકાસ માટે મૂડીરોકાણ આકર્ષવા, ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધારવા અને હવાઈ કનેક્ટિવિટીનું નવું માળખું ઊભું કરવાની દિશા નક્કી થશે. રાજ્ય સરકાર હસ્તકના એરપોર્ટ અને એરસ્ટ્રીપને PPP મોડ પર વિકસાવવાની દરખાસ્ત અંગે ચર્ચા થઈ હતી. જાન્યુઆરી-2027માં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ગુજરાતના એરપોર્ટ અને એરસ્ટ્રીપને PPP મોડ પર વિકસાવવા માટેના પ્રોજેક્ટ્સને રોકાણકારો સમક્ષ રજૂ કરવામાં આવી શકે છે.

## હીરાના વેપારીઓ સાથે ૪.૮૦ કરોડની છેતરપિંડીમાં સૂત્રધાર ‘કાના’નો કબજો

સુરતઃ સુરતના હીરા બજારને નિશાન બનાવી અમેરિકાની નામાંકિત કંપનીના બોગસ બાયર બની કરોડો રૂપિયાના હીરા પડાવી લેતી આંતરરાષ્ટ્રીય મોડસ ઓપરેન્ડી ધરાવતી ઠગ ટોળકીના મુખ્ય સૂત્રધારને સુરત ક્રાઇમ બ્રાંચના ઈકોસેલએ પકડી લીધો છે. વર્ચ્યુઅલ નંબરના સહારે સુરતના હીરા વેપારીઓ સાથે રૂ. ૪,૮૦,૭૯,૮૦૦ (૫.૩૪ લાખ ડોલર)થી વધુ રકમની છેતરપિંડી આચરવાના આ કૌભાંડમાં પોલીસે આરોપી નિતિનકુમાર ઉર્ફે કાનો પ્રભુભાઈ વડછક (ઉં.વ. ૩૦, રહે. નીલકંઠ સ્કાય, ન્યુ કતારગામ, અમરોલી, સુરત) ને લાજપોર જેલમાંથી ટ્રાન્સફર વોરંટ આધારે કબ્જે કરી ૨૧ ઓગસ્ટ સુધીના પોલીસ રિમાન્ડ મેળવ્યા છે.

## ઉનમાં મહિનાની નવજાત બાળકીને ત્યજી દેવાઈ

સુરતઃ ઉન વિસ્તારમાં ગુજરાત ટ્રેડર્સની પાછળ આવેલી ગલીના ઓટલા આશરે એક મહિનાની એક માસૂમ બાળકી ખૂબ જ ગંભીર અને રડતી હાલતમાં એકલી પડેલી મળી આવી હતી. કોઈપણ પ્રકારના વાલીવારસ વગર એક માસની નવજાત બાળકીને આ રીતે ખુલ્લામાં છોડી દેવાને કારણે તેના જીવન, આરોગ્ય અને શારીરિક સલામતી સામે ગંભીર જોખમ ઊભું થઈ ગયું હતું. પોલીસને જાણ થતાં તાત્કાલિક સ્થળ પર પહોંચીને મહિલા પોલીસ કર્મીએ માસૂમ બાળકીને સુરક્ષિત રીતે સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી હતી.

## અમરોલી બ્રિજ નીચે તાપીમાંથી નિવૃત્ત વૃદ્ધનો મૃતદેહ મળ્યો

સુરતઃ મૂળ ચોર્યાસીના દામકા ગામ અને હાલ જહાંગીરાબાદ ઉગત-ભેંસાણ રોડ પર આવેલા ભાદર એપાર્ટમેન્ટમાં રહેતા ૬૩ વર્ષીય હસમુખભાઈ નરસિંહભાઈ પટેલ નિવૃત્ત જીવન પસાર કરતા હતા. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે, જેમાં પુત્ર હીરાના કારખાનામાં કામ કરે છે. ગત ૧૭ ઓગસ્ટે સવારે આશરે ૧૧ વાગ્યે હસમુખભાઈ કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયા હતા. દરમિયાન કાલે સાંજે અમરોલી બ્રિજ નીચે તાપી નદીમાંથી હસમુખભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

## સિંગણપોરમાં વૃદ્ધનું ટેમ્પો અડફેટે મોત

સુરતઃ મૂળ ભાવનગરના ગારીયાધાર તાલુકાના નાનીવાવડી ગામના વતની અને હાલ કતારગામ ધનમોરા વિસ્તારમાં આવેલી જીવનદીપ સોસાયટીમાં રહેતા ૭૮ વર્ષીય ભીખાભાઈ વિઠ્ઠલભાઈ નારોલા નિવૃત્ત જીવન જીવતા હતા. ગઈકાલે સાંજે ભીખાભાઈ મોપેડ પર સિંગણપોર હરિ મંદિરે દર્શન કરી પરત ફરી રહ્યા હતા ત્યારે ગોપાલનગર ગેટ નં-૧ સામે પહોંચતા બોલેરો પિકઅપચાલકે તેમના સ્કૂટરને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં ભીખાભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું.

# રાજમાર્ગ પર મેટ્રો કામગીરીથી પાયમાલ થયેલા 357 વેપારીની ધરણાની ચીમકી

**કોમર્સ** હાઉસ અને આર્યમાન આર્કેડના વેપારીઓનને એમઓયુ થયા બાદ વળતર મળ્યું નથી, તો અમુક સાથે તો હજુ એમઓયુ પણ નથી કરાયા



સુરતઃ રાજમાર્ગ પર આવેલા મસ્કતિ હોસ્પિટલથી મહિધરપુરા હેડ પોસ્ટ ઓફિસ સુધીના માર્ગ પર મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી શરૂ કરાતાં વાહન વ્યવહાર માટે રસ્તો બંધ કરી દેવામાં આવતાં કોમર્સ હાઉસની 201 અને આર્યમાન આર્કેડની 156 મળીને કુલ 357 દુકાનનો વેપાર-ધંધો ઠપ થઈ ગયો છે. વેપારી એસો.ના હોદ્દેદારો કરણ ચોટરાણી, બિલાલ રંગવાલા, હરેકૃષ્ણ દોરીવાલા અને મુર્તુઝા કાપડિયાએ પત્રકાર પરિષદ યોજીને આક્ષેપ કર્યો હતો કે છેલ્લા 21 મહિનાથી રસ્તો બંધ હોવાથી વેપારીઓની આર્થિક કમર તૂટી ગઈ છે અને તેઓ ભારે નાણાકીય તંગીનો સામનો કરી રહ્યા છે.

વેપારીઓએ વધુમાં જણાવ્યું હતું કે આ અગાઉ મેટ્રો સત્તાધીશો દ્વારા વળતર ચૂકવણી અંગે કોમર્સ હાઉસ અને આર્યમાન આર્કેડના 148 દુકાનદાર સાથે M.O.U. કરાર કરવામાં આવ્યાં હતાં અને ડિસેમ્બર 2024માં યોજાયેલી બેઠકમાં પ્રતિ ચોરસ ફૂટ રૂ.220 લેખે વળતર ચૂકવવાની બાંહેધરી આપી કરારનામું કરવામાં આવ્યું હતું. તમામ માલિકીના પુરાવાઓ અને દસ્તાવેજો જમા કરાવ્યા હોવા છતાં, 37 દુકાનદારને M.O.U. કર્યા બાદ પણ વળતર ચૂકવાયું નથી, જ્યારે કોમર્સ હાઉસની 109 અને આર્યમાન આર્કેડની 104 દુકાન સાથે હજુ સુધી M.O.U. પણ કરવામાં આવ્યાં નથી. મેટ્રોના અધિકારીઓ દ્વારા વળતર ચૂકવવામાં હાથ ઊંચા કરી દેવાતાં અને શોષણ કરવામાં આવતું હોવાનો આક્ષેપ કરીને વેપારીઓએ ચીમકી આપી છે કે જો ટૂંક સમયમાં યોગ્ય ન્યાય અને વળતર નહીં મળે, તો તેઓ સુડા ભવન સ્થિત મેટ્રો રેલ પ્રોજેક્ટની કચેરી ખાતે ઉગ્ર ધરણાં-પ્રદર્શન કરશે.

## શ્રાવણ માસમાં ‘દીવાના ઘી’ના નામે રૂ.200માં શંકાસ્પદ ખેલ

સુરતઃ શ્રાવણ માસ દરમિયાન મંદિરો અને ઘરોમાં દીપ પ્રાગટ્ય માટે વપરાતા ‘દીવાના ઘી’ અને ‘પૂજા ઘી’ની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. બજારમાં સામાન્ય ઘીની સરખામણીએ રૂ.200થી 220 પ્રતિ લિટરના અત્યંત સસ્તા ભાવે વેચાતી આ પ્રોડક્ટ્સમાં શુદ્ધ ઘીના બદલે પામ ઓઈલ કે અન્ય કેમિકલયુક્ત ચરબીનો ઉપયોગ થતો હોવાની શંકા સેવાઈ રહી છે. ચોંકાવનારી બાબત એ છે કે કેટલાક ઉત્પાદકો પેકિંગ પર ‘માનવ વપરાશ માટે નથી’ અને ‘ફૂડ સેફ્ટી એક્ટ લાગુ પડતો નથી’ તેવું લખાણ છાપીને કાયદાની છટકબારી શોધી રહ્યા છે. આ મામલે આરોગ્ય મંત્રી પ્રફુલ્લ પાનસેરિયાએ જણાવ્યું હતું કે પૂજા માટે મળતા કેટલાક સસ્તા ઘીમાં પામ ઓઈલ અને હાનિકારક કેમિકલ હોવાનું સામે આવ્યું છે, જેથી લોકોએ માત્ર સસ્તા ભાવથી આકર્ષાઈને આવી શંકાસ્પદ વસ્તુઓ ખરીદવાનું ટાળવું જોઈએ.

# ગંદકીથી ત્રસ્ત મહિલાઓએ રસ્તા પર કચરો ઠાલવી મનપાને ઘૂંટણિયે પાડી

**સલાબતપુરામાં** દુર્ગંધ અને મચ્છરોથી ત્રસ્ત રહીશોએ ચક્કાજામ કરી તંત્રને જગાડ્યું



સુરતઃ સ્વચ્છતા સર્વેક્ષણમાં દેશભરમાં ડંકો વગાડતા સુરત શહેરમાં જમીની હકીકત કેટલી બદતર છે તેનો જીવંત પુરાવો સલાબતપુરા વિસ્તારમાં જોવા મળ્યો છે. વાસફોડા પુલ નજીક લાંબા સમયથી ખડકાયેલા કચરાના ઢગલાં, અસહ્ય દુર્ગંધ અને ગંદકીથી ત્રસ્ત સ્થાનિક રહીશોના ધીરજનો આખરે બંધ તૂટ્યો હતો. માજી કોર્પોરેટર અસદ કલ્યાણીની આગેવાનીમાં રહીશોએ પાલિકા તંત્ર સામે ઉગ્ર વિરોધ નોંધાવી કચરો સીધો ચાર રસ્તા વચ્ચે ઠાલવી ચક્કાજામ કરી દીધો હતો.

સૌથી ગંભીર બાબત એ છે કે જ્યાં કચરાના ઢગલા ખડકાય છે તેની બરાબર પાછળ જ મનપાનું પંપિંગ સ્ટેશન આવેલું છે. રહીશોએ રસ્તા પર કચરો ઠાલવી ચક્કાજામ કરતાં જ મનપાના ઉચ્ચ અધિકારીઓ દોડતા આવ્યાં હતાં. સમજાવટ બાદ તાત્કાલિક કચરો ઉપાડવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

એટલે કે લોકો રસ્તા પર ઉતર્યા બાદ જ પાલિકા તંત્રની ઊંઘ ઊડી હતી. લોકો કચરાથી ત્રસ્ત થાય, મચ્છરો વધે, પાણીની લાઈન લીક થાય અને રોગચાળાનો ભય ઊભો થાય ત્યાં સુધી તંત્ર રાહ જોતું રહે અને વિરોધ થતાં જ સફાઈ માટે દોડે તો આવા સ્વચ્છતા અભિયાનનો અર્થ શું?

રહીશોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે માત્ર દેખાડા પૂરતું કચરો ઉપાડીને તંત્ર છટકી જશે તે હવે નહીં ચાલે. કચરાપોઈન્ટનો કાયમી નિકાલ નહીં થાય ત્યાં સુધી કચરો ઉપાડવા દેવામાં નહીં આવે તેવી ચેતવણી આપવામાં આવી છે.



# RTO પોર્ટલમાં અપડેટમાં જૂની કારના ડીલર્સ અટવાયા!

**દોઢ** માસથી ચાલતી સમસ્યાને કારણે 150 કરોડનાં કામો અટક્યાં

સુરતઃ આરટીઓ પોર્ટલની સિસ્ટમમાં ફેરફાર અને સર્વર અપડેટને કારણે સુરતના જૂના વાહનના ડીલરો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. છેલ્લા દોઢ મહિનાથી ચાલી રહેલી આ સમસ્યાને કારણે સુરતના અંદાજે 150 ડીલરોનું 150 કરોડ રૂપિયાનું કામકાજ અટવાઈ પડ્યું છે.

ડીલરોના જણાવ્યા મુજબ, આરટીઓની નવી સિસ્ટમમાં ઓળખ કાર્ડ અને વાહનની આરસી બુકમાં નામ મિસમેચ થતા નવી આરસી બની રહી નથી. આરસી ન બનવાને કારણે વાહનનો વીમો પણ તૈયાર થતો નથી, જેના કારણે બેંકોની કાર લોનની પ્રક્રિયા પણ અટકી ગઈ છે. સિસ્ટમ બંધ હોવાથી વેપાર ઠપ્પ થઈ ગયો છે અને ગ્રાહકોને ગાડી સોંપી શકાતી નથી. આ મામલે સુરતના વાહન ડીલરોએ એકજૂથ થઈને સુરત આરટીઓને આવેદનપત્ર આપ્યું હતું.

# સામી રક્ષાબંધને નશાની કુટેવથી કંટાળી બહેને ઘર છોડી દેતાં ભાઈનો ફાંસો

**પુણાગામના** પીર ફળિયામાં પાંચેક દિવસ જૂની લાશ મળી આવી, બહેન પરત આવતા ઘટના સામે આવી

**કામધંધો** કરતો ન હોય અવારનવાર નશાની હાલતમાં બહેન સાથે મારઝૂડ કરતો હતો



સુરતઃ પુણાગામના પીર ફળિયામાં રક્ષાબંધન પહેલા હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી. નશાની કુટેવ ધરાવતા 28 વર્ષીય યુવકે બહેન ઘર છોડીને માસીના ઘરે જતી રહી હોવાના આઘાતમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પાંચેક દિવસ બાદ બહેન ઘરે પરત ફરતાં ભાઈને ફાંસો ખાધેલી હાલતમાં જોયો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પુણાગામના પીર ફળિયામાં 28 વર્ષીય કાના દેવાભાઈ રાઠોડ બહેન સાથે રહેતો હતો. કાનાને નશો કરવાની કુટેવ હતી અને તે કોઈ કામધંધો કરતો ન હતો. નશાની હાલતમાં તે બહેન સાથે અવારનવાર મારઝૂડ કરતો હોવાથી કંટાળીને બહેન ઘર છોડીને માસીના ઘરે રહેવા જતી રહી હતી. દરમિયાન પાંચ દિવસ બાદ બહેન પોતાના ઘરે પરત આવી હતી. જોકે, ઘરે પહોંચતાં જ તેને ભાઈ કાના લોખંડના પાઈપ સાથે કપડું બાંધી ફાંસો ખાધેલી હાલતમાં જોવા મળ્યો હતો. રૂમમાંથી દુર્ગંધ આવતી હોવાથી ઘટના અંગે તાત્કાલિક પુણા પોલીસને જાણ કરવામાં આવી હતી.

પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરતાં પ્રાથમિક તપાસમાં કાનાએ આશરે પાંચેક દિવસ પહેલાં જ ફાંસો ખાઈ લીધો હોવાનું સામે આવ્યું હતું. લાંબો સમય વીતી જતાં રૂમમાં મૃતદેહની દુર્ગંધ ફેલાઈ ગઈ હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, બહેન નશાની કુટેવ અને મારઝૂડથી કંટાળીને માસીના ઘરે જતી રહી હતી. ત્યારબાદ બહેનના ઘર છોડીને જવાના આઘાતમાં કાનાએ આ અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બહેન અન્ય ઘરોમાં ઘરકામ કરીને પોતાનું ગુજરાન ચલાવતી હોવાનું પણ જાણવા મળ્યું છે. પોલીસે સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# લાંચમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના નિરીક્ષકને 3 વર્ષની કેદની સજા

**૨૦૦૬ના** વિનાશક પૂરમાં નિરીક્ષક ચંદ્રકાંત નાયકાએ નુકસાની વળતર અરજી મંજૂર કરવા 3 હજારની લાંચ માંગી હતી

**એસીબીએ** છટકું ગોઠવી લાંચ લેતા ઝડપી પાડ્યો હતો

સુરતઃ ૨૦૦૬ના વિનાસક પુરમાં નુકશાનીનાં વળતર અરજી મંજુર કરવા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના ડેપ્યુટેશનના ઉદ્યોગ નિરીક્ષકને રૂપીયા ત્રણ હજારની લાંચ કેસમાં સેશન્સ કોર્ટે ત્રણ વર્ષની કેદની સજા અને ૧૫ હજારનો દંડ ફટકાર્યો હતો. ૧૮ વર્ષે આ લાંચ કેસનો ચુકાદો આવ્યો હતો.

આ કેસની હકીકત મુજબ ફરિયાદી ઈકબાલ અલીહુશેન ઈન્દોરીની નવસારી બજાર, પુટલી પાસે આવેલ અલી પેલેસ બિલ્ડીંગમાં બુરહાની ફિલ્મ્સ અને અમર મેડિકલ નામની બે પેઢીઓ આવેલી હતી. ઓગસ્ટ 2006ના વર્ષમાં સુરતમાં આવેલ ભયંકર રેલ (પૂર) દરમિયાન આ બંને દુકાનોમાં પાણી ભરાઈ જતાં મોટું આર્થિક નુકસાન થયું હતું. આ નુકસાનનું વળતર મેળવવા માટે ફરિયાદીએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,ખાતે અરજી કરી હતી. આ અરજી મંજુર કરવા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના ઉદ્યોગ નિરીક્ષક ચંદ્રકાંત મગનભાઈ નાયકાએ રૂ. ૩ હજાર ની લાંચ માંગી હતી. જેથી ફરિયાદીએ એસીબીમા ફરિયાદ કરતા એસીબીએ તા ૧૯-૯-૨૦૦૭મા છટકું ગોઠવી આરોપીને લાંચ લેતા ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ એસીબી કોર્ટમાં ચાલી હતી. સરકાર પક્ષે એપીપી ભરતસિંહ ચાવડા કેસ પુરવાર કરવામાં સફળ થયાં હતાં.

**વર્લ્ડ સિનિયર સિટીઝન ડે** જેન ઝી અને આલ્ફા જનરેશનને સિનિયર સિટિઝન આપી રહ્યા છે જોરદાર ટક્કર

# ‘બેબીબૂમર’ જનરેશનનો સ્માર્ટ ડિજિટલ અવતાર

**સ્માર્ટફોનને** મનોરંજન નહીં પણ બિઝનેસ અને જ્ઞાન વધારવાનું માધ્યમ બનાવતા વડીલો, ઓનલાઈન બેંકિંગ અને ડિજિટલ પેમેન્ટ સરળતાથી કરે છે


સુરતઃ આજે ‘વર્લ્ડ સિનિયર સિટીઝન ડે’ ના ખાસ અવસરે સુરતના વડીલોએ સાબિત કરી દીધું છે કે ટેકનોલોજી પર માત્ર નવી પેઢીનો ઈજારો નથી. એક સમયે જે સ્માર્ટફોન અને ઈન્ટરનેટથી વડીલો અંતર જાળવતા હતા, આજે તે જ મોબાઈલ તેમની આંગળીઓના ટેરવે રમી રહ્યો છે. જેન ઝી અને આલ્ફા જનરેશન જ્યાં સોશિયલ મીડિયા પર સમય વેડફવામાં મશગૂલ છે, ત્યાં બેબીબૂમર જનરેશન (વડીલો) અત્યંત સંયમ અને ચતુરતાપૂર્વક સ્માર્ટફોનનો ઉપયોગ કરીને ટેક-સાવી બની રહ્યા છે.

### ટેક્નોલોજીનો ઉપયોગ પણ ગુલામી નહીં: કમલેશ મસાલાવાલા



ટેક્નોલોજીનો ઉપયોગ કરવા સાથે તેની ગુલામીમાંથી બચવા માટે 69 વર્ષીય કમલેશભાઈ મસાલાવાળા જેવા વડીલો અઠવાડિયામાં એક દિવસ ‘મોબાઈલ ફાસ્ટ’ (ડિજિટલ ઉપવાસ) રાખીને નવી પેઢીને વિવેકપૂર્ણ વપરાશનો મોટો પાઠ ભણાવી રહ્યા છે. નવી પેઢી માટે જ્યાં સ્માર્ટફોનનું વસન એક મોટી સમસ્યા બની ગયું છે, ત્યાં બેબીબૂમર્સ પોતાની સૂઝબૂઝથી પરંપરા અને આધુનિકતાનો ઉત્તમ સમન્વય સાધી રહ્યા છે. વડીલોની આ સ્માર્ટ અને સંયમિત લાઈફસ્ટાઈલ આજે યુવા પેઢી માટે પ્રેરણાદાયી બની રહી છે.

### વેપારમાં ડિજિટલ ક્રાંતિ આવી: જીતુભાઈ વખારીયા



વડીલોએ મોબાઈલને માત્ર મનોરંજનનું સાધન નહીં પણ જીવન સુગમ બનાવવાનું હથિયાર બનાવ્યું છે. 76 વર્ષીય જીતુભાઈ વખારીયા આ ઉંમરે પણ ડિજિટલ પેમેન્ટ અને સોશિયલ મીડિયાના માધ્યમથી પોતાનો વેપાર-ઉદ્યોગ સરળતાથી ચલાવી રહ્યા છે. જીતુભાઈ કહે છે, મારા દિવસની શરૂઆત વોટ્સએપ મેસેજ ચેક કરવાથી થાય છે. ડિજિટલ પેમેન્ટથી હું વેપાર સરળતાથી કરું છું. મારો દિવસના અઢી કલાકથી વધુનો સમય મોબાઈલના ઉપયોગમાં જાય છે. આ ઉંમરે મોબાઈલ મને દૈનિક કાર્યોમાં ઝડપ અને સરળતા આપવાનું કામ કરે છે.

### મોબાઈલ રમવાની ચીજ નથી: મુકેશભાઈ સુખડીયા



ટેક્સટાઈલ બિઝનેસ સાથે જોડાયેલા 75 વર્ષીય મુકેશભાઈ સુખડીયા વર્ષ 1996થી મોબાઈલ નંબર ધરાવે છે. તેઓ ઓનલાઈન બેંકિંગ, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકનો સક્રિય ઉપયોગ કરે છે. દેશ-વિદેશના સમાચારથી અપડેટ રહેવા સહેજ પણ વિષય પસંદ પડે તો તેના પર રિસર્ચ કરે છે અને સોશિયલ મીડિયાની અફવાઓને ક્ષણવારમાં ઓળખી કાઢે છે. તેમનું માનવું છે કે મોબાઈલ ન હોય તો આપણે જૂના થઈ જઈએ, ઈન્ટરનેટ વિના કોઈ કામ શક્ય નથી. નવી જનરેશનને કહીશ કે મોબાઈલ જીવનનું અભિન્ન અંગ છે, પણ એ રમવાની ચીજ નથી, તેનો ખોટો ઉપયોગ ન કરો.

# ક્લાસ રૂમમાં જ દારૂની મહેફિલ, સિક્યુ. ગાર્ડ સહિત 4ની ધરપકડ

**મહેફિલ** કરનાર અનીષ પટેલ, વિજય પુંડલીક, ભરત વાઘેલા અને ગાર્ડ અભિષેક યાદવને પકડી લેવાયા

**સમિતિએ** ગાર્ડ અભિષેકને છૂટો કરી દીધો અને આચાર્યને ઘટનાનો રિપોર્ટ રજૂ કરવા આદેશ કરાયો

### દારૂની મહેફિલ મુદ્દે વોચમેન બરતરફ, સિક્યુરિટી એજન્સીને નોટિસ

સ્કૂલ બોર્ડ દ્વારા ફરજ પરના વોચમેનને તાત્કાલિક અસરથી બરતરફ (હકાલપટ્ટી) કરી દેવામાં આવ્યો છે. બીજી તરફ મનપા દ્વારા વિવાદાસ્પદ ‘શક્તિ પ્રોટેક્શન’ સિક્યુરિટી એજન્સીને કારણદર્શક નોટિસ ફટકારી આ ગંભીર બેદરકારી અંગે વિગતવાર ખુલાસો માંગવામાં આવ્યો છે. ઉપરાંત ભેસ્તાન પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

સુરતઃ ભેસ્તાનના સિદ્ધાર્થનગર સ્થિત સુરત મહાનગરપાલિકા સંચાલિત શિક્ષણ સમિતિની શાળાના વર્ગખંડમાં દારૂની મહેફિલ માણવાનો વીડિયો વાયરલ થતાં ભેસ્તાન પોલીસે કાર્યવાહી કરી સિક્યોરિટી ગાર્ડ સહિત ચાર આરોપીઓની ધરપકડ કરી છે.

ભેસ્તાનની શાળા ક્રમાંક-૭૭ અને ૨૪૮ના પરિસરમાં રજાના દિવસે પાંચથી છ જેટલા યુવાનો દ્વારા દારૂની મહેફિલ યોજવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, શાળામાં ફરજ બજાવતા સિક્યોરિટી ગાર્ડ અભિષેક પ્રેમચંદ યાદવે રવિવારે રજાના દિવસે પોતાના મિત્રોને શાળા પરિસરમાં બોલાવ્યા હતા અને ત્યાં દારૂની મહેફિલ યોજાઈ હતી.

પોલીસે અનીષ બળવંતભાઈ પટેલ (ઉં.વ.29, રહે., કુંભાર ફળિયું, જીઆવ ગામ, ભેસ્તાન),વિજય નારાયણ પુંડલીક (ઉં.વ.40, રહે. પ્લોટ નં.117, શિવનગર સોસાયટી, ભેસ્તાન), ભરત મંગાભાઈ વાઘેલા (ઉં.વ.38, રહે. પ્લોટ નં.06, વાઘરીવાડ, ભેસ્તાન) અને અભિષેક પ્રેમચંદ યાદવ (ઉં.વ.34, રહે. ભેસ્તાન ગાર્ડનની ઓફિસ, ભેસ્તાન)ની ધરપકડ કરી છે. પોલીસે ચારેય વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે. શિક્ષણ સમિતિ દ્વારા પણ તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા છે. શાળાના સિક્યોરિટી ગાર્ડને ફરજ પરથી છૂટો કરી દેવામાં આવ્યો છે, જ્યારે શાળાના આચાર્યને સમગ્ર ઘટનાનો હકીકતલક્ષી રિપોર્ટ રજૂ કરવા આદેશ કરવામાં આવ્યો છે.